॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સનાતન ધર્મ પત્રિકા

કાર્યાલય: ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૬ ● ભાદરવા સુદ-૬ ● તા. ૨૪-૦૮-૨૦૨૦ ● સોમવાર SDP NO: 128 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

કચ્છમાં વરસાદ

હવામાન વિભાગની મધ્યમ થી ભારે વરસાદ ની આગાહી ના આજે બીજા દિવસ દરમિયાન ભારે વરસાદ તથા ઝરમર મેઘાવી માહોલ વચ્ચે ત્રણ દિવસથી કચ્છમાં મેઘરાજા મહેરબાન છે. અબડાસા ના નલિયા, કોઠારા, રાયધનપર, કાળાતળાવ, કોણાથીયામાં સારો વરસાદ પડ્યો.

કચ્છના ૮ તાલુકામાં મેઘાવી માહોલ વચ્ચે સવારથી માંડવી, મુન્દ્રા, રાપર માં બે ઈંચ વરસાદ થયો જ્યારે નખત્રાણા અને ભચાઉ માં અડધો ઈંચ પડ્યો. આજે દિવસ દરમ્યાન ગાંધીધામ લખપત કોરાં રહ્યાં છે.

જગ વિખ્યાત સફેદ રણ, ધોરડો વિસ્તારમાં માં પાણી ભરાતાં દરિયા જેવા દ્રષ્યો જોવા મળ્યા...વોચ ટાવર તેમજ આસપાસના વિસ્તારોમાં પાણીજ પાણી દ્રષ્ટિગોચર થાય છે.

કામરેજમાં આપણી જ્ઞાતિના એકજ પરિવારના ૧૨ સભ્યો કોરોના ની ઝપેટમાં

દક્ષિણ ગુજરાતનાં કામરેજ માં વસતાં આપણી સમાજના એકજ પરીવારના એક સાથે ૧૨ જણા કોરોનાની ઝપેટમાં આવી ગયેલ છે.

સમગ્ર ગુજરાત રાજ્ય ના તાલુકામાં કોરોના પોજીટીવ કેસમાં નંબર ૧ રહેલ કામરેજ તાલુકામાં અત્યાર સુધી આપણી સમાજ સંપુર્ણ સુરક્ષિત હતી.

પૂરતી કાળજી રાખવા છતાં પણ આ મહામારીના સકંજામાં આજે એક જ ઘરના એક સાથે ૧૨ જણાને કોરોના પોજીટીવ આવતા સમગ્ર સમાજ સ્તબ્ધ બની ગઇ છે. અત્યારે એ પરિવાર નાં સૌ સદસ્યો એમના ઘરમા જ કોરંટાઇન હેઠળ સારવાર લઇ રહ્યા છે. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની કૃપાથી બધા જ સભ્યો કોરોનાને માત આપવા માટે મક્કમતાથી આગળ વધી રહ્યા છે.

આપણે સૌ જ્ઞાતિજનો પણ ઘરમા જ રહીએ, સુરક્ષિત રહીએ, કામ સીવાય ઘરની બહાર ન નીકળીએ.

કોરોના વૉરીયર્સ

ડૉ. હિતેન

શ્રી ક. ક. પાટીદાર સમાજ દક્ષિણ કર્ણાટક ની ઘટક સમાજ રામનગરા (મંડયા)ના સભ્ય એવા સ્વ. હિરાબેન ગોપાલભાઈ (દાદી - દાદા), માતા-પિતા, લીલાબેન પ્રવિણભાઈ દિવાણી (કાદીયા - નાના) ના સુપુત્ર **ડૉ. હિતેન (MDS)** એ ઓગસ્ટ-૨૦૨૦ નાં "ચેતના વિહાર કોવીડ કેર સેન્ટર" બેંગ્લોર ખાતે પોતાની અમૂલ્ય દસ દિવસની કોવીડ-૧૯ ના દર્દીઓની સાર સંભાળ કરવા માટે ની સેવા આપેલ હતી. અત્યાર નાં સંજોગોમાં એક માનવતાના ભાગ રૂપે કોરોના વોરિયર તરીકે ફરજ બજાવી તે માટે દિવાણી પરિવાર, રામનગરા સમાજ તેમજ દક્ષિણ કર્ણાટક ઝોન ગૌરવ અનુભવે છે.

પરિવાર અને સમાજને ગૌરંવિત કર્યા બદલ ડૉ. હિતેન ને પ્રચાર પ્રસાર સમિતિ અભિનંદન પાઠવે છે.

મિશન ગ્રીન ઈન્ડિયા

શ્રી ABKKP યુવાસંઘ, Agriculture & Environment ટિમ આયોજિત
મિશન ગ્રીન ઈન્ડિયા - 1st July to 30th August 2020
जहाँ न पेड़-पौधे हैं, न चिड़िया है, न हरियाली है, वहाँ जीवन केवल एक बोझ है.

વિચાર તો કરો કે ગણેશોત્સવનાં આપણા આ પ્રિય તહેવાર દરમિયાન એક ભારતીય તરીકે પોતપોતાના ઘર પાસે કે બીજે ક્યાંક એક એક વૃક્ષ રોપીશું તો ભલે આપણે દુનિયાભર ફેલાયેલા હોઈશું, પરંતુ આપણી એકતા માટે અને પર્યાવરણ પ્રેમ માટે આપણો ડંકો વગાડી દઈશું અને સૌને બતાવી દઈશું કે ભારત અને ભારતની સંસ્કૃતિ કેટલી મહાન છે....

તો ચાલો માત્ર એક વૃક્ષ રોપીએ અને આપણી માતૃભૂમિને ગૌરવ અપાવીએ....

પ્રકૃતિ ની Oxygen બેંક માં Oxygen જમા કરાવીએ...

આ અભિયાન ને પૂરક બનવા યુવાસંઘ પ્રમુખ શ્રી વસંતભાઈ ધોળુ દ્વારા ૭૫ વુક્ષોનુ વૃક્ષારોપણ કરી મિશન ગ્રીન ઈન્ડિયા અભિયાન મા પોતાની આહુતિ આપી, તેમજ ગ્રીનલેન્ડ કાઉન્સિલ મહામંત્રી શ્રી પરસોત્તમભાઈ વાલાણી દ્વારા mission green india અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું તેમને તસ્વીર માં મિશન ગ્રીન ઈન્ડિયા થકી આગળ વાવેતર કરી જતન કરેલ વૃક્ષ ની તસવીર રજૂ કરી ને સાબિત કર્યું કે વાવે તે ઉગે અને ઓક્સિજન આપે...

યુવાસંઘ કૃષિ અને પર્યાવરણ ટીમ વતિ હૃદયથી ધન્યવાદ આપે છે.

આમ પોતે વાવેતર કરેલ ને મોટા થયેલ તેમજ નવા વાવેતર કરી ને નવી પેઢી ને ઉજાગર કરવા નો આ પ્રયાસ અવિરત રહે..

પરમકૃપાળુ વરુણદેવ પણ મહેરબાન છે ત્યારે અને ગણેશ સ્થાપનનો કાર્યક્રમ વિશેષતા રીતે ઉજવી શકતા નથી ત્યારે, પરસોતમ ભાઈ ની તસ્વીર માં વૃક્ષ રૂપે ગણેશ દેવ નું સ્થાપન કરવાનો નવો જ પ્રયોગ સર્વત્ર થાય..

તમામ સમિતિ લીડર અને કાર્યકર ભારત ભર ના ઘર ઘર વૃક્ષા રોપણ કરી ને વરુણદેવ ને અને ગજાનન ગણપતિ દેવ ને સાચા અર્થ માં આરાધના કરે એવી ભાવ ભીની અપીલ છે..

આ વર્ષે ગજાનન ને આપણે વૃક્ષ રોપણ કરી ને પ્રાગટય કરીએ..

મિશન ગ્રીન ઈન્ડિયા પ્રોજેક્ટ

- અંબાલાલ પોકાર નાસિક...

યુવાસંઘ ગંગાસાગર કાઉન્સીલમાં પસંદગી સમિતિની રચના

સંયોજક : દિનેશ ડાયાણી, કટક.

યુવાસંઘના નવી ટિમના માળખા માટે ની વ્યવસ્થા અને વર્તમાન પરિસ્થિતિ માં નિર્ણાયક ભૂમિકા માટેની ગંગાસાગર કાઉન્સિલમાં સમાવેશ એવા નવચેતન, સ્વામી વિવેકાનંદ અને ઓડીસા રીજીયનની પસંદગી સમિતિની જાહેરાત રિજીયન ના મહામંત્રી દ્વારા અગ્રીમ કાર્યકર વચ્ચે ચર્ચા કરીને જાહેરાત કરવામાં આવી..

સેન્ટ્રલ પસંદગી સમિતિ ની નિમણુંક ગત યુવાસંઘની વેબીનાર માં નક્કી થયેલ વર્તમાન સલાહકાર ને જ સર્વાનુમતે નક્કી કરેલ જે નામ સાથેના પત્ર દ્વારા માનદ મહામંત્રી શ્રી નટવર સામાણી દ્વારા તમામ રિજીયનને જાણકારી આપવામાં આવેલ છે. જે મુજબ દરેક રિજિયન દ્વારા પણ પોતાની પસંદગી સમિતિ ની જાહેરાત કરવાની છે, અને તેવા અનુભવીઓ ના નામ નો પત્ર સેન્ટ્રલ પસંદગી સમિતિને સત્વરે આપવાનો છે.

વિકટ સંજોગો માં કેમ વહીવટ નો માર્ગ કાઢવો તે બાબતે નિર્ણય લેવા અને બંધારણ મુજબ આગામી ટિમ ની વરણી ક્યારે શક્ય બનશે તેની સમીક્ષા કરવી જરૂરી છે.

ગંગાસાગર માં આવેલ તમામ રિજીયન ની પસંદગી સમિતિ નીચે મુજબ છે. જેનું સમર્થન કાઉન્સિલ ચેરમેન હરીભાઈ રૂડાણી દ્વારા પણ કરવામાં આવ્યું..

ઓડીસા રિજીયનની પસંદગી સમિતિની માહિતી મહામંત્રી હરેશ રતનાની દ્વારા આપવામાં આવી..

પરેશ છાભૈયા - પૂર્વ ચેરમેન
ધનજી ભાવાણી - પૂર્વ ચેરમેન
ઈશ્વર રૂડાણી - પૂર્વ ચેરમેન
હિતેન્દ્ર ભાવાણી
વિનોદ લીંબાણી - પૂર્વ ચેરમેન

નવચેતન રીજીયનની પસંદગી સમિતિ ની માહિતી મંત્રી પંકજ લિંબાણી દ્વારા આપવામાં આવી.. જેમણે લીડર કાર્યકર તરીકે યુવાસંઘનો સેવા અનુભવની પુરી માહિતી પણ આપી ને ઉત્તમ કાર્યની પ્રતીતિ કરાવી છે. જે અભિનંદનને પાત્ર છે.

● મનોહર પ્રેમજીભાઈ રૂડાણી, કોલકાતા
સેવા અનુભવ..
(Region ,લાહકાર_2018-2020)
(Region Chairman_2012-2014)

● યોગેશ મોહનલાલ છાભૈયા, કોલકાતા
સેવા અનુભવ
(GS Council PDO - YSK,_2018-2020)
(Region Chairman_2016-2018)

● પરેશ જયંતિલાલ ધનાણી, કોલકાતા
સેવા અનુભવ
(GS Council Secretary_2018-2020)
(Region Vice Chairman_2016-2018)
(Region Chief Secretary_2014-2016)

● હિમંત વાલજીભાઈ ભાવાણી, બેધ્યાબાટી
સેવા અનુભવ
(Region ,લાહકાર_2018-2020)
(Divisional Chairman - 2012-2014)
(યુવા મંડળ પ્રમુખ_2012-2014)

● વિઠ્ઠલ પર્વતભાઈ ગોરાણી, મેંમારી
સેવા નો અનુભવ.
(Convenor -Agriculture_2018-2020)
(યુવા મંડળ પ્રમુખ_2018-2020)
(સેંટ્રલ કેબિનેટ મેમ્બર_2016-2018)

સ્વામી વિવેકાનંદ રીજીયનની પસંદગી સમિતિ ની માહિતી રીજીયન મહામંત્રી દ્વારા આપવામાં આવી.

(૧) પ્રવીણ ભીમાણી - પૂર્વ ચેરમન
(૨) શંકર સમાણી - પૂર્વ ચરેમન
(૩) જીતેન્દ્ર ડાયાણી.
(૪) બિપિન સુરાણી
(૫) પુરસોત્તમ ધોળું

સેન્ટ્રલ પસંદગી સમિતિને ઉપરોક્ત નિમણુંક કરવામાં આવેલ છે, જેથી તેઓ પણ વાસ્તવિક પરિસ્થિતિમાં નિર્ણય લેવામાં સક્ષમ સહયોગી બને....

- ઓડીસા યુવાસંઘ.

બ્રેકીંગ ન્યુઝ

● સોનિયા ગાંધીએ કોંગ્રેસનું અધ્યક્ષપદ છોડવા માટે નિર્ણય કર્યો.

● આવતીકાલે CWC ની બેઠક બોલાવી.

● પાર્ટીને નવા અધ્યક્ષના ચયન માટે સોનિયા ગાંધીએ સલાહ આપી.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

HAPPY BIRTHDAY

શ્રી ઈશ્વરભાઈ છગનલાલ રૂષાત
માંડવી - 'એક કર્મઠ લીડર'
- KCR (Conv. Edu. & Talent Hunt) 98257 35952

જન્મ દિવસ નિમિત્તે સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

HAPPY BIRTHDAY

શ્રી સંજય તુલસી ગોગારી
રાંચી - 'એક કર્મઠ લીડર'
- SVR (Executive Member) 93341 01919

જન્મ દિવસ નિમિત્તે સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

HAPPY BIRTHDAY

શ્રી ભાવેશ પુરુષોત્તમ રંગાણી
કોચીન - 'એક કર્મઠ લીડર'
- DBR (Executive Member) 90202 50250

જન્મ દિવસ નિમિત્તે સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

HAPPY BIRTHDAY

શ્રી મોહનલાલ નથુભાઈ વાસાણી
વડવા કાયા - 'એક કર્મઠ લીડર'
- KCR (Convinar Agri.) 99254 26990

જન્મ દિવસ નિમિત્તે સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

અવસાન નોંધ

તા. ૨૨-૦૮-૨૦૨૦
સ્વ. વાલજીભાઈ લખુભાઈ પરબતાણી (નાકરાણી), ઉમર વર્ષ - ૧૦૧, કચ્છ - વિરાણી (મોટી).
સ્વ. દેવશીભાઈ પ્રેમજી પોકાર, ઉમર વર્ષ - ૮૨
ગામ - એદલપર કંપા, હાલે - એલ. બી. નગર, હૈદરાબાદ.
સ્વ. નર્મદાબેન શામજીભાઈ ધોળુ, ઉમર વર્ષ - ૭૦, કચ્છ - પદમપુર (માંડવી).
સ્વ. પરબતભાઈ વસ્તા રૂડાણી, ઉમર વર્ષ - ૯૦, કચ્છ - દેવપર (યક્ષ).
તા. ૨૩-૦૮-૨૦૨૦
સ્વ. લધારામ ગોપાલભાઈ પાંચાણી, ઉમર વર્ષ - ૮૩, કચ્છ - વિરાણી (મોટી), હાલે - રાયપુર.
સ્વ. શાંતાબેન હિરાભાઈ છાભૈયા, ઉમર વર્ષ - ૭૫, કચ્છ - નખત્રાણા, હાલે - નરોડા, અમદાવાદ.

આર્યુવેદીક ખજાનો તમારા ઘરમાં

" જો આયુર્વેદની દૃષ્ટિએ વિચાર કરીએ તો ભોજનમાં વપરાતા લગભગ બધા મસાલા ઔષધ છે તેમાં હળદર તો મહાઔષધ છે, તે ઍન્ટિસેપ્ટિક તો છે જ, ઉપરથી અનેક રોગોની પ્રતિકારક પણ છે જ. સૂકી અથવા લીલી હળદરનું બને તેટલું વધુ સેવન કરવું જોઈએ.

ધાણા-જીરું પણ મહાન ઔષધ છે. લીલું કે સૂકું મરચું પણ માપસરનુ હોય તો હિતકારી છે. રાઈ-મેથી પણ ઔષધ છે જ. હિંગ વગેરે તથા તજ, લવિંગ, ઇલાયચી વગેરે પણ હિતકારી છે.

પુષ્કળ આંબલીનો ઉપયોગ કરનારા દ્રવિડોનું આરોગ્ય જરાય ઉતરતું નથી. આપણે પુષ્કળ નહિ તો થોડીક માપસરની આંબલીનો ઉપયોગ કરીએ તો કશો વાંધો આવે નહિ.

ઔષધિઓનો રાજા લસણ છે. લસણ, વૃદ્ધાવસ્થાને રોકે છે. યુવાની અને મર્દાનગી વધારે છે. તેને તો બને તેટલું ખૂબ જ ખાવું જોઈએ. રક્તની ધમનીઓને સિડાઇ જતી અટકાવવામાં લસણનો કોઈ જવાબ નથી.

આવી ઉત્તમમાં ઉત્તમ મહાઔષધિને ધાર્મિક રીતે નિષિદ્ધ કરનારે પ્રજાના આરોગ્યનું હિત ધ્યાનમાં લીધું નથી એમ લાગે છે.

આવી જ રીતે ડુંગળી પણ ઉત્તમ ઔષધીય આહાર છે. "

- સ્વામિ શ્રીસચ્ચિદાનંદજી.

આજની ચિંતન કણિકા

બાળક પર વ્યવહારનો પ્રભાવ

વર્તમાન સમયમાં બહુ મોટી ઉણપ કે ઓછપ વર્તાય છે એક બાબતની...કથની તેવી કરણી ભાગ્યે જ જોવા મળે. આ બાબત ઉપદેશથી મળે એમ નથી. બાળક સામે ઉદાહરણ જ પ્રસ્તુત કરવું જોઈએ.

આમેય બાલ્યકાળમાં ઈશ્વરે આપેલા અનુકરણના ગુણનો પરિવારે લાભ લેવો જોઈએ.

વાણી તેવો વ્યવહાર - બહુ અઘરી વાત છે...સાધના કરવી પડે તેવી. પરિવારજનોમાં જો આ બાબતની સજગતા હોય તો બાળક પર એનો ઊંડો પ્રભાવ પડશે. બાળકના વ્યક્તિત્વની ઊંચાઈ અને એના ઊંડાણનો આધાર પરિવારનું વાતાવરણ છે.

એક ચિંતકના ઉદ્ગાર છે --"વિચારમાં ધીમા રહેજો, આચારમાં ઉતાવળા." પરિવારજનોએ બાળકના ઘડતર માટે એક ખૂબ મહત્ત્વની વાત યાદ રાખવી જોઈએ.

એને ક્યારેય પાળી ન શકાય તેવું વચન ન આપવું. એને છાનો રાખવા માટે કે ખુશ કરવા માટે વચનની લહાણીનો શોર્ટકટ ક્યારેય ન અપનાવવો. એ વચનભંગથી બહુ વ્યથિત થઈ જતો હોય છે. એની સાથે પરિવારજનો જો વચનભંગ કરે તો એ પણ એની જીવનયાત્રામાં વચનભંગની પરંપરા સર્જે છે.

આમ વિચાર, વાણી અને વ્યવહારનો આંતરિક સંબંધ મન, વચન અને કર્મ સાથે છે, જેની ઘણી ચર્ચા શાસ્ત્રોએ અને અધ્યાત્મ-પુરુષોએ કરી છે. મન, વચન અને કર્મનું સામંજસ્ય જો પરિવારમાં સધાશે તો ઘર નંદનવન થઈ જશે. મન,વચન અને કર્મનો સમન્વય એ તો ત્રિવેણીસંગમ જેવો પવિત્ર છે.

મિશન અભિમન્યુ
SUV International School.
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ.

પ્રેરણાત્મક ... આપણે સૌએ અપનાવવા જેવું ...

તા :- ૨૪/૦૮/૨૦૨૦
શ્રી હિરેન અર્જુન ચૌધરી, મુંબઈ - MUR, 98331 14321.
પ્રતિનિધિ :- નિલેશ સુરાણી, તલોદ.
શ્રી મોહનલાલ નથુભાઈ વાસાણી, વડવા કાયા - KCR, 99254 26990.
પ્રતિનિધિ :- બાબુભાઈ કેશરાણી, માનકુંવા
પોતાના ૨૪-૮-૨૦૨૦ ના રોજ જન્મદિવસ નિમિત્તેસનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.
શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેરછાઓ પાઠવે છે.

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા.૨૨.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૮૪:

કોઈપણ શુભ કાર્યની શરૂઆત જેમના થી થાય એવા સૌના લાડીલા દેવ શ્રી ગણેશજી ની બે પત્નીઓ નાં નામ શું છે?

સાચો જવાબ : રિદ્ધિ અને સિદ્ધિ

સાચો જવાબ આપનાર વિજેતા : રામજી હિરજી તેજાણી - નાશિક. (કરછ - વીરાણી મોટી) ૭૫૮૮૩૦૧૩૯૮

ગઈકાલ તા.૨૩.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૮૫:

આપણી જ્ઞાતિનો યુવા મૃત્યુ પામે તો તેમના પરિવારને આર્થિક સહાય આપતી યોજના YSK માં આજ સુધી કેટલા હજાર થી ઉપરના સભ્યો છે...??

આજના પ્રશ્ન નંબર ૮૬ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...
આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..